પક્ષીઓ નો શિકારી

ઈન્ડોનેશિયાની લોકકથા




પક્ષીઓ નો શિકારી

ઈન્ડોનેશિયાની લોકકથા

ચિયા હર્ન ચેક



દેશના રાજા ઇશાકને ધનુર્વિદ્યાથી પ્રેમ હતો. જયારે એના મિત્રો અન્ય વિષયો પર ચર્ચા કરતા હતા, ત્યારે પણ ઇશાક સવારથી સાંજ સુધી ફક્ત ધનુષ-બાણ વિષે જ વાતો કરતો હતો. થોડા સમયમાંજ, પ્રજાને રાજાના તીરંદાજી પ્રેમ વિષે ખબર પડી ગઈ.



રાજા ઇશાકની એક બહુ સુંદર કન્યા હતી જેનું નામ બિનતાંગ દેવી હતું.

એ એટલી સુંદર હતી કે દરેક યુવક એની સાથે લગ્ન કરવાની ઈચ્છા રાખતો હતો.

પણ રાજા ઇશાકે સ્પષ્ટ કરી દીધું હતું કે એ દેશના સૌથી સારા તીરંદાજ સાથેજ એની દીકરીના લગ્ન કરશે.





એટલે, એક દિવસ રાજાએ એની દીકરીના લગ્ન નક્કી કરવા માટે એક તીરંદાજી પ્રતિયોગિતા આયોજિત કરવાનો ફેંસલો કર્યો.

દૂર-દૂર થી ઘણા તીરંદાજ પ્રતિયોગિતામાં ભાગ લેવા પહોંચ્યા.

પણ કોઈને ઇનામ ન મળ્યું, કારણકે આટલા લોકોમાં પણ રાજાને એક સારો ધનુર્ધારી ન મળ્યો.



એ જ દેશમાં વજાન નામનો એક ગરીબ શિકારી રહેતો હતો, જે પક્ષીઓનો શિકાર કરતો હતો.

એણે સાંભળ્યું કે રાજા ઇશાકની એક સુંદર દીકરી છે જે દેશના સૌથી કુશળ તીરંદાજ સાથેજ વિવાહ કરવાની હતી.

વજાને વિચાર્યું કે જો એના લગ્ન રાજકુમારી સાથે થઈ જાય, તો બહુ સારું થાય. એણે એક ચતુર યોજના બનાવી.

એણે થોડા જંગલી પક્ષીઓને જાળ નાખીને પકડયા.

એણે પક્ષીઓને મારી નાખ્યા અને દરેક ની જમણી આંખ કાઢી નાખી.

વજાને પક્ષીઓને દોરીથી બાંધ્યા અને એક વાંસ સાથે લટકાવ્યા.

પછી એ મહેલ તરફ ગયો.

રસ્તે જતા એણે બૂમ પાડી, "એક આંખવાળા પક્ષી વેચાણ માટે! એક આંખવાળા પક્ષી વેચાણ માટે!" થોડીવારમાં બાળકો એનો પીછો કરવા લાગ્યા કારણકે એણે પહેલા ક્યારેય કોઈ માણસને એક આંખવાળા પક્ષીઓને વેંચતા જોયો ન હતો.



ચાલતા-ચાલતા વજાન એકધારી
બૂમ પાડતો રહ્યો, "એક આંખવાળા
પક્ષી વેચાણ માટે! એક આંખવાળા
પક્ષી વેચાણ માટે!"

છેવટે એ મહેલના દ્વાર પર પહોંચ્યો.
રાજાએ જયારે એના દ્વાર પર
બાળકોની ભીડ જોઈ તો એણે એના
નોકરને તપાસ કરવા મોકલ્યો.





નોકર પાછો ફર્યો અને કહ્યું, "માનનીય સમ્રાટ, બહાર એક ગરીબ શિકારી છે જે એક આંખવાળા પક્ષીઓ વેચી રહ્યો છે."

એ સાંભળીને રાજાએ કહ્યું, "એ માણસને તરત અંદર મોકલો."

વજાનને રાજા પાસે લઈ જવામાં આવ્યો.

"શું એ સાચું છે કે તું જે પક્ષીઓને વેચી રહ્યો છે, એની એક જ આંખ છે?" રાજા ઇશાકે પૂછ્યું.

"હા, માનનીય સમ્રાટ, હું હંમેશા મારા ધનુષ અને તીરથી પક્ષીઓને આંખમાં જ મારું છું," ગરીબ શિકારીએ ઉત્તર આપ્યો.

રાજા ઇશાકને બહુ આશ્ચર્ય થયું. એને એના કાનો પર વિશ્વાસ ન થયો. "નૌજવાન શિકારી, પક્ષીઓની આંખમાં તીર મારવું કોઈ સરળ કામ નથી. તું કદાચ દેશનો સૌથી મહાન તીરંદાજ હોઈશ," રાજાએ કહ્યું.

"તારા જેવા મહાન તીરંદાજને એક સુંદર પત્ની મળવી જોઈએ. શું તું મારી પુત્રી સાથે લગ્ન કરીશ?"

ગરીબ શિકારીએ તરતજ હા માં જવાબ આપ્યો, "પણ માનનીય સમ્રાટ, હું તો ફક્ત એક પક્ષીઓનો ગરીબ શિકારી છું. તમારી દીકરીને એક રાજકુમારીને શોભે એવું જીવન કેવી રીતે આપી શકું?"





"અચ્છા, તું ન કેવળ એક મહાન તીરંદાજ છે, હું જોઈ રહ્યો છું કે તું એક પ્રમાણિક માણસ પણ છે. જો, હું એક રાજા છું અને તારી જરૂરિયાત પ્રમાણે તને સંપત્તિ આપી શકું છું. અને જ્યાં ઘરની વાત છે, તો તું મારા મહેલમાં રહી શકે છે," રાજાએ કહ્યું.

એ સાંભળીને વજાન બહુ ખુશ થયો પણ એણે સાવધાની થી એની ખુશી જાહેર થવા ન દીધી.

થોડા સમય પછી, વજાન અને રાજકુમારીના લગ્ન થઈ ગયા.

વજાનને જે નવા કપડાં આપવામાં આવ્યા એ એણે પહેરી લીધા.

એ પોતાની જાતથી બહુ ખુશ થયો.

આખરે એની ઈચ્છા પૂરી થઈ હતી.

હવે એની પાસે બધું જ હતું - પત્ની તરીકે એક સુંદર રાજકુમારી અને મહેલ જેવું ઘર.





લગ્નના દિવસે મિજબાની આપવામાં આવી.

રાજા ઇશાકે એના ઘણા શાહી મિત્રોને આમંત્રણ આપ્યું.


એ એક સરસ દિવસ હતો.

આકાશમાં દરેક રંગના પક્ષીઓ ઉડી રહ્યા હતા.

ભોજન બહુ સ્વાદિષ્ટ હતું અને સંગીતકાર એના વાદ્યો પર કર્ણપ્રિય ધૂન વગાડી રહ્યા હતા.

બધા પ્રીતિભોજનનો આનંદ લઈ રહ્યા હતા.

અચાનક, ઉત્સાહથી અભિભૂત થઈને રાજા ઇશાક ઉભા થયા અને કહ્યું, "સાંભળો! હવે મારો જમાઈ - મહાન તીરંદાજ - આપણને ધનુષ અને બાણ થી એનું કૌશલ દેખાડશે."



એ સાંભળતાજ વજાન લગભગ બેહોશ થઈ ગયો.

જયારે એ આઘાતમાંથી બહાર આવ્યો, તો એણે કહ્યું, "મહારાજ, હું તમને મારુ કૌશલ બતાવવા ઈચ્છું છું. પણ એ સંભવ નથી. કારણકે હું અહીં આવ્યા પહેલા તીર- કામઠાં મારે ઘરે જ રાખીને આવ્યો છું."

વજાનને લાગ્યું કે એણે રાજાને બહુ ચતુર ઉત્તર આપ્યો હતો.

પણ રાજા એની વાતથી ચલિત થાય એમ ન હતા. એણે કહ્યું,

"એનાથી શું ફેર પડે છે? તું મારા ધનુષ-બાણનો ઉપયોગ કરી શકે છે." રાજાએ એના ધનુષ-બાણ લાવવા માટે તરત એક નોકરને મોકલ્યો.

વજાન ભયભીત થઈને કંપી રહ્યો હતો. એ જાણતો હતો કે બધાની સામે એની પોલ ખુલી જવાની છે.

ત્યાં નોકર રાજાના ધનુષ-બાણ લઈને પાછો આવ્યો અને રાજા ઇશારે એને શિકારીના હાથમાં પકડાવી દીધા.

"આ લો," રાજાએ કહ્યું, "હવે અમને તમારું કૌશલ દેખાડો."





વજાને એ પહેલા ક્યારેય ધનુષ-બાણનો ઉપયોગ કર્યો ન હતો.

ધીરે-ધીરે એણે પણછ ખેંચી અને તીરને આકાશ તરફ તાક્યું. એ તીરને છોડવા માટે ડરી રહ્યો હતો. એટલે એ ત્યાં જ ઉભો રહ્યો.

આકાશમાં પક્ષીઓ ઉડી રહ્યા હતા. લોકો આશ્ચર્ય કરવા લાગ્યા કે એ મહાન તીરંદાજે હજી સુધી એક પણ તીર ચલાવ્યું કેમ નહીં.

થોડા લોકો જાહેરમાં એની ઠેકડી ઉડાવવા લાગ્યા.

એકે કહ્યું, "જુઓ, એ ડરી રહ્યો છે. એને ધનુષને સરખી રીતે પકડતા પણ આવડતું નથી!"



અંતે, એમાંથી એક માણસ પોતાનું ધૈર્ય ખોઈ બેઠો. એ શિકારી પાસે ગયો અને એની પીઠ પર એક જોરદાર ધબ્બો મારીને બોલ્યો, "હવે તો તીર ચલાવ, મહાન તીરંદાજ!"

પીઠ પર પડેલા જોરદાર ધબ્બાથી વજાનના હાથમાંથી તીર છૂટ્યું. એક સારસ આકાશમાં ઉડી રહ્યું હતું. તીર એ સારસને લાગ્યું અને એ મરેલું પક્ષી જમીન પર આવીને પડયું.





રાજા ઇશાકે પક્ષીને ઉઠાવ્યું. એ જોઈને ચકિત થઈ ગયા કે તીરે સારસની પાતળી ગરદનને વીંધી નાખી હતી. "તમે હકીકતમાં દેશના સૌથી મહાન તીરંદાજ છો," રાજાએ કહ્યું.

બધા આશ્ચર્યચકિત હતા. પણ વજાને બહુ ખિજાયેલો હોવાનું નાટક કર્યું.

"હું આજ પછી કોઈ દિવસ ધનુષ-બાણને હાથ નહીં લગાવું," એણે મોટેથી કહ્યું. "મેં જેમ પહેલા કહ્યું હતું, હું હંમેશા પક્ષીઓની આંખમાં તીર મારું છું, ગરદનમાં નહીં. જો કોઈએ મારી પીઠમાં ધબ્બો માર્યો ન હોત, તો મારું તીર ચોક્કસ સારસની આંખમાં લાગ્યું હોત."

રાજાએ તરત એ માણસને સજા કરી જેણે શિકારીની પીઠ પર ધબ્બો માર્યો હતો.



વજાને પછી ક્યારેય ધનુષ-બાણ હાથમાં ન લીધા. એટલે બધા લોકો એવું માનતા રહ્યા કે એ દેશનો સૌથી મહાન તીરંદાજ છે.

સમાપ્ત